
# ૬ ધૂળિયે મારગ

**મકરંદ દવે :** રાજકોટ જિલ્લાના ગોંડલના વતની હતા. વર્ષો સુધી મુંબઈ રહ્યા પછી તેઓ વલસાડ પાસે નંદિગ્રામમાં વસ્યા. સાહિત્યની સાધનાની સાથે સાથે આધ્યાત્મિક ક્ષેત્રે ગતિ કરતા રહ્યા. ગાંધીયુગ પછીના ગાળામાં આધ્યાત્મિક સાધનાને અનુલક્ષતી કવિતા રચનાર તેઓ મર્મજ્ઞ કવિ હતા. તેમના કાવ્યોમાં જીવનનો આધ્યાત્મિક અનુભવ સાદી-સરળ ભાષામાં પણ ચોટદાર રીતે રજૂ થાય છે. તેમને ૧૯૭૯નો 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત થયો હતો.

**સૂર કૃતિનો –** આજના યુગમાં 'પૈસા' પાછળની દોડધામ જોવા મળે છે. ધનની પાછળ વલખા માર્યા વગર વર્તમાન સ્થિતિમાં, સામાન્ય માનવીને સ્વમાનભેર જીવન જીવવાનો સંદેશ આપતું આ કાવ્ય છે. જીવન વિશેનો જુદો જ ખ્યાલ કવિ અહીં દર્શાવે છે. જીવનના બે માર્ગો છેઃ એક ધૂળિયો એટલે કે સાદા-સાત્વિક જીવનનો માર્ગ અને બીજો સોનાનો એટલે કે ધન-સંપત્તિની લાલસાવાળો માર્ગ. કવિ અહીં ધૂળિયે મારગ ચાલવા માટે કહે છે.

---

કોણે કીધું ગરીબ છીએ ? કોણે કીધું રાંક ?
કાં ભૂલી જા મન રે ભોળા ! આપણાં જુદા આંક.
થોડાક નથી સિક્કા પાસે, થોડીક નથી નોટ,
એમાં તે શું બગડી ગયું ? એમાં તે શી ખોટ ?
ઉપરવાળી બૅન્ક બેઠી છે આપણી માલંમાલ,
આજનું ખાણું આજ આપે ને કાલની વાતો કાલ,
ધૂળિયે મારગ કૈંક મળે જો, આપણા જેવો સાથ,
સુખદુઃખોની વારતા કે'તા બાથમાં ભીડી બાથ.
ખુલ્લાં ખેતર અડખેપડખે, માથે નીલું આભ,
વચ્ચે નાનું ગામડું બેઠું, ક્યાં આવો છે લાભ ?
સોનાની તો સાંકડી ગલી, હેતુ ગણતું હેત;
દોઢિયાં માટે દોડતાં એમાં જીવતાં જો ને, પ્રેત !
માનવી ભાળી અમથું-અમથું આપણું ફોરે વ્હાલ;
નોટ ને સિક્કા નાખ નદીમાં, ધૂળિયે મારગ ચાલ !



---

## ● માર્ગદર્શક સ્તંભ ●

આજના ભૌતિકવાદી યુગમાં પૈસાની ઘેલછા, મહત્તા વિશે વિસ્તૃત ચર્ચા કરવી. 'સબસે બડા રૂપૈયા' વાક્યની જીવનમાં કેટલી જરૂરિયાત છે ? તેમજ માનવીય સંબંધ અને જીવવાની વાતોનો તુલનાત્મક અભ્યાસ કરી, વિદ્યાર્થીઓને તે હકીકતથી વાકેફ કરવા. જીવનમૂલ્યોને ટકાવવા માટે સંપત્તિ કે સંસ્કૃતિનાં મહત્ત્વ અંગે વિદ્યાર્થીઓનો મત ચર્ચા દ્વારા જાણીને મુખ્ય વિષયવસ્તુ તરફ આગળ વધવું.

## સ્વાધ્યાય



સ. ૧ નીચેના શબ્દો માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.

(૧) જમણ (૨) દીન (૩) ફાયદો (૪) મહોર
(૫) આકાશ (૬) પ્રેમ (૭) હેમ (૮) ગેરફાયદો

સ. ૨ નીચેના શબ્દોની સામે આપેલ કોષ્ટકમાંથી યોગ્ય શબ્દ શોધો.

દા.ત. ગરીબ × અમીર
કાલ ×
ખુલ્લા ×
નાનું ×
સાંકડી ×

| | | | | |
|---|---|---|---|---|
| અ | મી | ર | જા | ડ |
| હ | તા | ણ | મો | સ |
| મા | બં | ધ | ટું | આ |
| પ | હો | ળી | ન | જ |

સ. ૩ કાવ્યમાંથી ઉદાહરણ પ્રમાણે પ્રાસવાળા શબ્દો શોધીને લખો.

રાંક – આંક

__________ __________
__________ __________
__________ __________

સ. ૪ યોગ્ય વિશેષણ મૂકો.

( ) ખેતર ( ) આભ
( ) મારગ ( ) ગામડું
( ) ગલી ( ) મન
( ) બેંક ( ) પ્રેત

સ. ૫ નીચેના શબ્દોને વાક્યોમાં વાપરો.

(૧) સિક્કા (૨) વ્હાલ (૩) ગામડું
(૪) લાભ (૫) વાતો (૬) નદી

સ. ૬ કાવ્યમાંથી જોડાક્ષરો શોધો અને તેને વર્ણાક્ષરના ક્રમાનુસાર ગોઠવો.

સ. ૭ ખાલી જગ્યા પૂરો.

(૧) ખુલ્લા ખેતર _________, માથે નીલું આભ. (આજુબાજુ, આસપાસ, અડખે-પડખે)
(૨) નોટ ને સિક્કા નાખ નદીમાં, _________ મારગ ચાલ. (ધૂળિયે, સાદા, સાત્વિક)
(૩) _________ માટે દોડતાં એમાં જીવતાં જો ને, પ્રેત ! (દોકડા, દોઢિયાં, નાણાં)
(૪) ઉપરવાળી બૅંક બેઠી છે, આપણી _________. (સ્ટેટ બૅંક, રાષ્ટ્રીય બૅંક, માલંમાલ)
(૫) વચ્ચે નાનું _________ બેઠું, ક્યાં આવો છે લાભ ? (ગામડું, સ્વર્ગ, ઘર)

સ. ૮ ચોકઠામાં યોગ્ય શબ્દ લખીએ.

(૧) અડખેપડખે - ☐
માથે - ☐
વચ્ચે - ☐
(૨) થોડાક નથી - ☐
થોડીક નથી - ☐
(૩) આજનું ખાણું - ☐
કાલની વાતો - ☐

સ. ૯ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.

સ. ૧૦ યોગ્ય રીતે જોડો.

| સમાસ | પ્રકાર |
|---|---|
| પંચપાત્ર | વૈકલ્પિક દ્વંદ્વ સમાસ |
| મા-બાપ | દ્વિગુ સમાસ |
| આરામખુરશી | ઈતરેતર દ્વંદ્વ સમાસ |
| સુખદુઃખ | મધ્યમપદ લોપી સમાસ |

★ આપેલા વાક્યોમાંના કાળ ઓળખો અને તે જ કાળ માટે બીજું વાક્ય બનાવો.

(૧) મીરાંબાઈ ઉત્તમ કવયિત્રી છે.
(૨) ખરીદીનો હિસાબ લખી રાખ્યો હતો.
(૩) તારો ભાગ તને આપી દઈશ.
(૪) દશ્ય મનોહર લાગતું હતું.

★ 'શહેરીજીવન અને ગ્રામ્યજીવન વચ્ચેનું અંતર' આ વિષય ઉપર વર્ગમાં ચર્ચા કરો.

## પ્રકલ્પ

ગાંધીજીની આત્મકથામાંથી કોઈપણ એક પ્રસંગ પસંદ કરી તેની PPT બનાવો.

## લેખન કૌશલ્ય



### • ભાષાંતર •

★ નીચેનાં વાક્યોનો ગુજરાતીમાં અનુવાદ (ભાષાંતર) કરો.

(1) You cannot believe in God until you believe in yourself.

(2) Each person is unique and great.

(3) How much time did you spend on studies ?

(4) My nation, my pride.

(5) It was a victory for all of us.

(6) Every problem has a solution.

(7) Life gives us daily lessons, not to study but to understand.

(8) Every black board makes the student's life bright.

(9) Always be truthful.

(10) Work while you work & play while you play.

(11) Sun rises in the East & sets in the West.

(12) We play Cricket everyday.

★ જુઓ, વિચારો અને ધ્યાનમાં રાખો.

| | |
|---|---|
| (૧) લાભ + અલાભ = લાભાલાભ | (૨) સર્વ + ઉત્તમ = સર્વોત્તમ |
| (૩) કિશોર + અવસ્થા = કિશોરાવસ્થા | (૪) રજની + ઈશ = રજનીશ |
| (૫) મહા + ઈન્દ્ર = મહેન્દ્ર | (૬) રવિ + ઈન્દ્ર = રવીન્દ્ર |
| (૭) મધુ + ઊર્મિ = મધૂર્મિ | (૮) એક + અંત = એકાંત |
| (૯) વાત + આવરણ = વાતાવરણ | (૧૦) સ્વ + અધ્યાય = સ્વાધ્યાય |

ઉપરના દરેક શબ્દમાં બે-બે શબ્દો જોડાયા છે. બે શબ્દોના જોડાણને અને તેથી બનતાં એક શબ્દને ધ્યાનમાં રાખો.

★ નીચેના શબ્દોની સંધિ છોડો.

| | | |
|---|---|---|
| (૧) સમાંતર | (૨) એકાકાર | (૩) વિદ્યાભ્યાસ |
| (૪) વિવેકાનંદ | (૫) જયેન્દ્ર | (૬) મહોદય |
| (૭) પરોપકાર | (૮) રામેશ્વર | (૯) ધર્મેન્દ્ર |
| (૧૦) કર્મેન્દ્રિય | (૧૧) પરીક્ષા | (૧૨) અવનીશ |
| (૧૩) મંત્રોચ્ચાર | (૧૪) ઉત્તમોત્તમ | |

સુખ અને દુઃખ જીવનની ઘટમાળ છે.

★ નીચેના શબ્દોની સંધિ જોડો.

| | |
|---|---|
| (૧) ચિંતા + આતુર | (૨) મહા + ઈશ |
| (૩) યોગ + ઈન્દ્ર | (૪) મહા + ઈચ્છા |
| (૫) કવિ + ઈશ્વર | (૬) લોક + ઉક્તિ |
| (૭) પુરુષ + ઉત્તમ | (૮) ભુવન + ઈશ્વર |
| (૯) નાગ + ઈશ્વર | (૧૦) રાજ + ઈશ્વર |
| (૧૧) જલ + આવરણ | (૧૨) બાહ્ય + આવરણ |
| (૧૩) આનંદ + ઊર્મિ | (૧૪) સિન્ધુ + ઊર્મિ |

## સંધિ

★ આપેલા ચોરસમાંથી સંધિ શોધીને યોગ્ય જવાબ લખો.

| | |
|---|---|
| (૧) સત્ય + આગ્રહ = સત્યાગ્રહ | (૯) આજ્ઞા + અંકિત = ________ |
| (૨) સેવા + આશ્રમ = ________ | (૧૦) મહા + ઈશ્વર = ________ |
| (૩) નર + ઈન્દ્ર = ________ | (૧૧) સૂર્ય + ઉદય = ________ |
| (૪) પર + ઉપકાર = ________ | (૧૨) ગ્રામ + ઉદ્ધાર = ________ |
| (૫) પ્રતિ + ઈક્ષા = ________ | (૧૩) પર + અધીન = ________ |
| (૬) શિષ્ટ + આચાર = ________ | (૧૪) દષ્ટ + અંત = ________ |
| (૭) એક + અંત = ________ | (૧૫) વાત + આવરણ = ________ |
| (૮) ગણ +ઈશ = ________ | (૧૬) હિમ + આલય = ________ |

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| સ | ત્યા | ગ્ર | હ | પ | રી | ક્ષા | ગ | શિ |
| મ | હે | શ્વ | ર | દ | ષ્ટાં | ત | ણે | ષ્ટા |
| હિ | મા | લ | ય | ર | ત | પ | શ | ચા |
| પ | સે | વા | શ્ર | મ | ન | રે | ન્દ્ર | ર |
| રો | ગ્રા | મ | વા | તા | વ | ર | ણ | સ |
| પ | મો | એ | પ | રા | ધી | ન | પ્ર | દ |
| કા | દ્ધા | કાં | સૂ | ર્યો | દ | ય | તી | ગુ |
| ર | ર | ત | આ | જ્ઞાં | કિ | ત | ક્ષા | ણ |

સિદ્ધિ તેને જઈ વરે
જે પરસેવે ન્હાય.

## ભાષિક સમજ

# કાળ

કાળ એટલે સમય

ક્રિયાપદ ઉપરથી કાળ સમજી શકાય છે.

કાળના પ્રકાર :-

(૧) વર્તમાનકાળ : વર્તમાન એટલે ચાલુ સમય ---- ક્રિયા ચાલુ હોય એમ જ્યારે દર્શાવવામાં આવે ત્યારે તે વર્તમાનકાળ છે.

દા. ત. -
- રવિ શાળામાં જાય છે.
- પૂજા ગીત ગાય છે.
- શિક્ષક બાળકોને ભણાવે છે.

(૨) ભૂતકાળ : ભૂત એટલે પહેલાના સમયનું ---- ક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય એમ જ્યારે દર્શાવવામાં આવે ત્યારે તે ભૂતકાળ છે.

દા. ત. -
- તેઓ ફરવા ગયા હતા.
- ગયા વરસે બહુ વરસાદ પડ્યો.
- અમે નવો પાઠ ભણ્યાં.

(૩) ભવિષ્યકાળ : ભવિષ્ય એટલે હવે પછીના સમયનું ---- ક્રિયા હવે પછીના સમયમાં થવાની છે એમ જ્યારે દર્શાવવામાં આવે ત્યારે તે ભવિષ્યકાળ છે.

દા. ત. -
- સીતા અને ગીતા આવતીકાલે મુંબઈ જશે.
- માએ કહ્યું, ''નીરવ, કાલથી વાંચજે.''
- કોણ મિજબાની આપશે ?

કાળ

| વર્તમાનકાળ | ભૂતકાળ | ભવિષ્યકાળ |
|---|---|---|
| ↓ | ↓ | ↓ |
| ક્રિયા ચાલુ હોય | ક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય | ક્રિયા થવાની હોય |
| ↓ | ↓ | ↓ |
| આજે | ગઈ કાલે | આવતી કાલે |
| ↓ | ↓ | ↓ |
| છે | હતું | હશે |

ઉપક્રમ

વાંચો, વિચારો અને નક્કી કરો

શું કહેવાય ? છેલ્લે 'રૂ' અથવા 'રું' આવે તેવા શબ્દમાં જવાબ નક્કી કરો.

(૧) પાયલ
(૨) છોકરીઓ પરણીને જાય તે
(૩) ઓસ્ટ્રેલિયાનું પ્રાણી
(૪) ઘણા વખતથી બંધ પડેલું
(૫) જેમાંથી માથાનું તેલ બને
(૬) બારોબાર
(૭) બાંધકામના મજૂરનું સાધન
(૮) લોકોના ગજવા કાપે તે
(૯) એક વાજિંત્ર
(૧૦) ભાઈબંધ, મિત્ર
(૧૧) સાપનું બીજું નામ
(૧૨) યજમાન મહેમાનને આપે
(૧૩) પાલતું વફાદાર પ્રાણી
(૧૪) પ્રત્યક્ષ મળવું તે
(૧૫) કીડીઓથી ઉભરાતું
(૧૬) લોકોને લૂંટે તે
(૧૭) પ્રવાસી, મુસાફર
(૧૮) ભીનું ન હોય તેવું
(૧૯) એક પર્વતનું નામ
(૨૦) દીવો કરવાની જગ્યા

**જવાબ :** ઘૂંઘરું, સાસરું, કાંગારું, અવાવરું, કોપરું, પરબારું, તગારું, ખિસ્સાકાતરું, નગારું, ભેરૂ, એરૂ, નોતરું, ફૂતરું, રૂબરૂ, કીડિયારું, લૂટારું, ઉતારું, કોરું, મેરુ, પાણિયારું.

***

જીવનનું ગીત તે પામે, જે જીવનને જીવી જાણે.